RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 294* Date: 22.08.2020 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ઓગસ્ટમાં કોરોના વિકરાળ બન્યો: ૧૨ લાખ કેસ નોંધાયા

**દેશમાં કોરોનાનો કુલ આંકડો ૨૯ લાખને પાર, અત્યાર સુધી ૫૪૮૪૩ લોકોના મોત નિપજ્યા**

**ઓગષ્ટમાં વિશ્વમાં સૌથી વધુ કોરોનાના કેસ ભારતમાં ૧૨ લાખ, અમેરિકામાં ૯.૯ લાખ અને બ્રાઝિલમાં ૭.૯ લાખ કેસ નોંધાયા**

**પંજાબ વિધાનસભામાં આવનારા મંત્રીઓ, ધારાસભ્યો અને અધિકારીઓએ કોરોના રિપોર્ટ રજુ કરવો પડશે**

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારતમાં ઓગસ્ટ મહિનામાં કોરોનાના પોઝિટિવ કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ૨૪ કલાકમાં જ ૬૮,૮૯૮ નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન વધુ ૯૮૩ લોકોના મરણ નોંધાયા છે.

આ અંગે સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરેલા આંકડા અનુસાર, આજના નવા ઉમેરાયેલા કેસો સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૨૯,૦૫,૮૯૪ પર પહોંચી ગઈ છે. જ્યારે ૫૪,૮૪૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

હાલ દેશમાં કોરોનાના ૬,૯૨,૦૨૮ એક્ટિવ કેસો છે. જો કે રાહતની વાત છે કે, કુલ કેસોમાંથી ૨૧,૫૮,૯૪૭ દર્દીઓ કોરોનાની સારવાર બાદ સ્વસ્થ થઈ જતા તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

ભારતમાં ઓગસ્ટ મહિનામાં કોરોનાના કેસોમાં રેકોર્ડબ્રેક વધારો થયો છે. ૨૦ દિવસમાં જ દેશમાં અંદાજે ૧૨ લાખથી વધુ નવા કેસો નોંધાયા છે. જે ગત મહિનાની સરખામણીમાં વધું છે. દેશમાં મહારાષ્ટ્રમાં કોરોનાનો સૌથી વધુ પ્રકોપ જોવા મળી રહ્યો છે. ગુરુવારે મહારાષ્ટ્રમાં કોરોના વાઈરસના ૧૪,૪૯૨ નવા કેસ સામે આવ્યા છે. જે કોઈ એક દિવસમાં નોંધાયેલા સૌથી વધુ કેસ છે.

રાજ્ય સરકારો દ્વારા મળેલા આંકડાઓની વિગત અનુસાર ભારતમાં કોવિડ-૧૯ના કેસ ૨૦ ઓગસ્ટ સુધી ૧૨,૦૭,૫૩૯ થઇ ગયા છે. મંત્રાલયનાં આંકડા પર નજર નાંખીએ તો આ પહેલાં જુલાઈ મહીનામાં ૧૧ લાખ કેસ આવ્યા હતાં એટલે કે ૧૧,૦૯,૪૪૪ કેસ હતાં. જ્યારે ઓગસ્ટમાં વિશ્વમાં સૌથી વધારે કેસ ભારતમાં સામે આવ્યાં છે. એમાં પણ હજી ૧૦ દિવસ બાકી છે.

અમેરિકામાં ૧૯ ઓગસ્ટ સુધી ૯,૯૪,૮૬૩ કેસ સામે આવ્યાં છે. જ્યારે બ્રાઝિલમાં ૭,૯૪,૧૧૫ કેસ સામે આવ્યાં છે. એટલે કે અમેરિકા બીજા નંબરે અને બ્રાઝીલ ત્રીજા નંબરે છે. ગુરૂવારનાં રોજ દેશમાં ૬૯,૩૧૭ નવા કેસ સામે આવ્યાં છે. જેનાંથી કુલ કેસની સંખ્યા ૨૯ લાખથી વધારે થઇ ગઇ છે. બુધવારના રોજ ૭૦,૧૦૧નો આંક આવ્યાં બાદ કોરોનાના મામલે એક દિવસમાં જ આ બીજી વાર સૌથી મોટી છલાંગ છે.એક વાર ફરીથી મહારાષ્ટ્રમાં સૌથી વધારે નવા કેસ સામે આવ્યાં છે. જ્યાં એક દિવસમાં સૌથી વધારે કેસ ૧૪,૪૯૨ કેસ દાખલ થયા છે. એમાં પણ નોંધ લેવા જેવી બાબત તો એ છે કે રાજ્યમાં પ્રથમ વાર દરરોજના કેસ ૧૪ હજારને પાર



ચાલ્યા ગયા છે.

મહારાષ્ટ્ર સિવાય અન્ય એવાં ૮ રાજ્યો છે કે જ્યાં કોરોનાના કેસો સૌથી વધારે છે. જેમાં બંગાળ (૩૧૯૭), પંજાબ (૧૭૪૧), ગુજરાત (૧૧૭૫), મધ્યપ્રદેશ (૧૧૪૨), છત્તીસગઢ (બુધવાર રાતથી ૧૦૧૬, ગુરૂવારના રોજ ૯૧૬), હરિયાણા (૯૯૬), પુડુચેરી (૫૫૪) અને મેઘાલય (૧૨૬) શામેલ છે.પંજાબ વિધાનસભામાં આવનારા મંત્રીઓ, ધારાસભ્યો અને અધિકારીઓએ તેમનો કોરોના રિપોર્ટ રજુ કરવો પડશે.

### કેરળ વિમાની દુર્ઘટનાને પગલે ડીજીસીએની કાર્યવાહી

# દેશની વિમાન કંપનીઓનું ખાસ સેફ્ટી ઓડિટ શરૂ

**કોઝિકોડ પ્લેન ક્રેશના ચાર દિવસ બાદ ડીજીસીએ દ્વારા આ પ્રકારનું ઓડિટ કરવાની જાહેરાત કરવામાં આવી હતી**



ન્યુ દિલ્હી,તા.૨૧

કેરળના કોઝિકોડ એરપોર્ટ પર એર ઈન્ડિયા એક્સપ્રેસનું વિમાન રન વે પરથી સરકી જતાં સર્જાયેલી દુર્ઘટનામાં ૧૮ પ્રવાસીનાં મોત નીપજ્યાં હતાં તે ઘટનાના બે સપ્તાહ બાદ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા તમામ ભારતીય એરલાઈન્સનું એક ખાસ સેફ્ટી ઓડિટ શરૂ કરવામાં આવ્યું છે.

ડીજીસીએનાં સૂત્રોના જણાવ્યા અનુસાર આ એક સંપૂર્ણ ફ્લાઇટ ઓપરેશન્સ ક્વોલિટી એશ્યોરન્સ ઓડિટ હશે. એફઓદક્યુએ તરીકે ઓળખાતી આ ઓડિટ પ્રક્રિયામાં ફ્લાઇટ ઓપરેશન્સ સલામત રીતે થાય તે સુનિશ્ચિત કરવા માટે ફ્લાઇટસના તમામ પ્રકારના ડેટા મેળવી તેનું એનાલિસીસ કરવામાં આવે છે.

દેશની તમામ વિમાન કંપનીઓને આ સેફ્ટી ઓડિટ હેઠળ આવરી લેવામાં આવશે. પહેલા તબક્કામાં સ્પાઇસ જેટ તથા એર ઈન્ડિયાનું સેફ્ટી ઓડિટ હાથ ધરવામાં આવશે.

ડિરેક્ટરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા ભારતમાં ભારે વરસાદ થતો હોય તેવાં તમામ એરપોર્ટનું હાલનાં ચોમાસાં દરમિયાન ખાસ સેફ્ટી ઓડિટ પણ શરૂ થઇ ચૂક્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કોઝિકોડ પ્લેન ક્રેશના ચાર દિવસ બાદ ડીજીસીએ દ્વારા આ પ્રકારનું ઓડિટ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કોઝિકોડ સહિત દેશનાં ૧૦૦ એરપોર્ટનું સંચાલન કરવામાં આવે છે.

### સૌથી પહેલા હેલ્થકેર અને ફ્રન્ટલાઈન વર્કર્સને વેક્સીન મળશે

# વર્ષના અંતે ભારતને કોરોના વેક્સીન મળી શકે છે: ડો. હર્ષવર્ધન

ન્યુ દિલ્હી,તા.૨૧

દેશમાં ચિંતાજનક રીતે વધી રહેલો કોરોના સંક્રમણના કેસનો આંકડો હવે ૨૯ લાખને ઓળંગી ગયો છે એવામાં કેન્દ્રીય મંત્રી ડો. હર્ષવર્ધને દાવો કર્યો છે કે, દેશમાં બનેલી અને ટ્રાયલમાંથી પસાર થઇ રહેલી બે સ્વદેશી કોરોના વેક્સીન મહામારીના આ વર્ષના અંત સુધી દેશને મળી શકશે.

તેમના દાવા મુજબ ભારત બાયોટેકે તૈયાર કરેલી વેક્સીન Covaxin આ વર્ષના અંતે ઉપલબ્ધ થઇ શકે છે અને આવતા વર્ષ ૨૦૨૧ના પહેલા ત્રિમાસિકમાં વેક્સીનનો કાર્યક્રમ શરુ થઇ શકશે.

હર્ષવર્ધનના કહેવા પ્રમાણે સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા પહેલેથી જે ઓક્સફર્ડ યૂનિવર્સિટીની વેક્સીનનુ ઉત્પાદન કરી રહી છે જેથી તેને વહેલી તકે લોકો સુધી પહોંચાડી શકાય. જે વર્ષના અંત સુધી લોકો સુધી પહોંચે એવી સંભાવનાઓ છે.

હૈદરાબાદની ભારત બાયોટેકની ઝ્ર્દૃક્રટૈહ વેક્સીનનો ટ્રાયલ બે અઠવાડિયા પહેલા શરુ કરાયો હતો, આ વેક્સીન પણ વર્ષાંતે તૈયાર થાય એવી શક્યતાઓ છે. ઝાયડસ કેડિલાએ પણ તૈયાર કરેલી વેક્સીનનો ટ્રાયલ ચાલી રહ્યો છે.

ડો. હર્ષવર્ધનનું કહેવુ છે કે વેક્સીનના ઉત્પાદન મુદ્દે ભારત વિશ્વમાં સૌથી આગળ છે, જે વિશ્વસ્તરે કુલ વેક્સીનનો બે-તૃતીયાંશ ભાગ સપ્લાય કરે છે. તેમના મુજબ ભારતવાસીઓ માટે તૈયાર વૈક્સીન અન્ય દેશોની સરખામણીએ સસ્તી રહેશે. જોકે હર્ષવર્ધને એમ પણ સ્પષ્ટતા કરી હતી કે વેક્સીન તૈયાર થતાની સાથે જ સૌ પહેલા હેલ્થકેર અને ફ્રન્ટલાઇન વર્કર્સને મળશે, જે પછી વૃદ્ધો અને ગંભીર રીતે પ્રભાવિત દર્દીઓને પ્રાથમિકતાના ધોરણે વેક્સીન અપાશે. એ પછી જ દેશની કુલ વસ્તી માટે વેક્સીનેશન કાર્યક્રમ શરુ થશે.

### પોમ્પિયોએ યુનોના મહામંત્રી એન્ટોનિયો ગુતારેસને જાણ કરી

# અમેરિકા ફરી એકવાર ઈરાન પર પ્રતિબંધ લાદવાની તૈયારીમાં

યુનો/વૉશિંગ્ટન,તા.૨૧

અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો)ના મહામંત્રી એન્ટોનિયો ગુતારેસને જાણ કરી હતી કે અમે ઈરાન પર ફરી પ્રતિબંધ લાદવા માગીએ છીએ.

આતંકવાદને પોષકા કોઇ પણ દેશને અમે પરંપરાગત શસ્ત્રો વેચવા ખરીદવાની પરવાનગી નહીં આપીએ. અગાઉ યુનોએ ઈરાન પર લગાડેલા પ્રતિબંધો પાછળથી રદ કરાયા હતા.

અમેરિકાના વિદેશ પ્રધાન માઈક પોમ્પિયો યુનોના વડા મથકે પહોંચ્યા હતા અને તેમણે યુનોના મહામંત્રી ગુતારેસ તેમજ ઑગષ્ટ માસ માટેના યુનોની સલામતી સમિતિના અધ્યક્ષ ઈન્ડોનેશિયાના રાજદૂત ડિયાન ત્રિયાન્સ્યાહ ડઝાનીની મુલાકાત લીધી હતી. પોમ્પિયોએ આ બંને મહાનુભાવોને એવા પત્રો સોંપ્યા હતા જેમાં અમેરિકાએ ઈરાન પર યુનો દ્વારા લદાયેલા તમામ પ્રતિબંધોને અમેરિકાએ નવેસર આપેલી બહાલીનો ઉલ્લેખ હતો. યુનોની સલામતી સમિતિના ઠરાવ ક્રમાંક ૨૨૩૧ અન્વયે આ પ્રતિબંધો પાછાં ખેંચી લેવાયાં હતાં. હવે આ પ્રતિબંધો આજથી એટલે કે ૨૦ મી ઑગષ્ટથી ત્રીસ દિવસની અંદર પાછા લાગુ પાડી દેવાશે.પાછળથી પત્રકારો સાથે વાત કરતાં પોમ્પિયોએ કહ્યું કે અમારો સંદેશો સ્પષ્ટ છે. આતંકવાદને પોષણ આપતા દુનિયાના ગમે તેટલા મોટા દેશને પણ અમેરિકા વિમાન, ટેંક, મિસાઈલ વગેરે પારંપરિક શસ્ત્રો વેચવા નહીં દે.

પ્રતિબંધો લાગુ પડશે એટલે ઈરાને તેની આતંકવાદને આતંકવાદને પોષણ આપવાની ધિક્કારપાત્ર પ્રવૃત્તિઓ અંગે સ્પષ્ટતા આપવી પડશે. એની બેલાસ્ટિક મિસાઈલની ટ્રેનિંગ પર પણ ફરી પ્રતિબંધ લાગુ પડશે. ઈરાનની પરમાણુ પ્રવૃત્તિઓ પર પણ ફરી પ્રતિબંધ લાગુ પડશે.

### અત્યાર સુધીમાં ૧૦ લોકોને બચાવવામાં આવ્યા

# તેલંગાણામાં હાઈડલ પાવર પ્લાન્ટમાં ભીષણ આગ, ૬ ભડથું, ૩ લાપતા

હૈદરાબાદ,તા.૨૧

તેલંગણાના શ્રીશૈલમ સ્થિત હાઈડલ ટીએસ જેંકો પાવર પ્લાન્ટમાં લાગેલી ભયાનક આગ બાદ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં જ ૬ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. જોકે હજુ પણ શોધખોળ ચાલુ છે. ૯ કર્મચારીઓ હજી પણ ગુમ છે.રેસ્ક્યૂ ટીમે જણાવ્યું હતું કે ૧૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આ દુર્ઘટના થવા પાછળનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું કહેવાઈ રહ્યું છે. આ ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે.એક અધિકારીના જણાવ્યા પ્રમાણે તેલંગાણા સરકારના ભૂમિગત વિજળી પ્લાંટમાં ગઈ કાલે ગુરૂવારે રાત્રે વિસ્ફોટ થયો હતો. ત્યાર બાદ તેમાં આગ લાગી ગઈ હતી. જેમાં કેટલાક મજુરો ફસાઈ ગયા હતાં. જેમાંથી ૬ના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યાં હતાં જ્યારે હજી અન્ય લાપતા છે.મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવે આ મામલે કહ્યું હતું કે, આ ઘટનાની હું સતત અપડેટ લઈ રહ્યો છું. મંત્રી જગદીશ્વર રેડ્ડી અને ટ્રાંસકો-જેંકો કંપનીના સીએમડી ડી પ્રભાકર રાવ સાથે વાત કરી છે. તેઓ બંને હાલ ઘટના સ્થળે છે.તેલંગણાના શ્રીશૈલમ સ્થિત હાઈડલ ટીએસ જેંકો પાવર પ્લાન્ટમાં ગઈ કાલે ગુરૂવારે વિસ્ફોટ થયો હતો. ત્યાર બાદ આખા પ્લાંટમાં આગ લાગી ગઈ હતી. આગમાં અનેક મજુરો ફસાયા હોવાનું કહેવાય છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આગ લાગ્યા બાદ પ્લાન્ટમાં ખૂબ ધુમાડો ભરાઈ ગયો છે. જેના કારણે બચાવ અભિયાનમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેટલાકનું કહેવું છે કે, ઘટના સમયે પ્લાંટમાં ૧૭ લોકો હાજર હતા. જે લોકો હાલ અંદર ફસાયેલા છે, તેમાંથી ૬ લોકો જેંકો અને ૩ અન્ય પ્રાઈવેટ કંપનીના કર્મચારીઓ છે. ફસાયેલા લોકોમાં ડેપ્યુટી અને આસિસ્ટન્ટ એન્જિનિયર્સનો પણ સમાવેશ થાય છે.મંત્રી જગદીશ્વર રેડ્ડી અને જેંકોના સીએમડી પ્રભાકર રાવે ઘટના સ્થળે પહોંચીને સ્થિતિની સમીક્ષા કરી હતી. શ્રીસેલમ ડેમ કૃષ્ણા નદી પર છે, જે આંધ્રપ્રદેશ અને તેલંગાણાની સીમા પર સ્થિત છે.

# સા.અરેબિયાની કંપની જિયોમાં ૭૫૦૦ કરોડનું રોકાણ કરે તેવી શક્યતા

*ન્યુ દિલ્હી,તા.૨૧*

સુત્રો પાસેથી મળેલી જાણકારી પ્રમાણે, જિયો ફાઈબરમાં અરેબિયા પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ ફંડ (PIF) એક અરબ ડોલર એટલે કે ૭૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની તૈયારીમાં છે. સાઉદી અરબનું સોવરિન વેલ્થ ફંડ(SWF) પોતાના ૩૦૦ અબ ડોલરના પોર્ટફોલિયામાં સમયના હિસાબે બદલાવ લાવવા જઈ રહ્યો છે. આ ફંડ સિલિકોન વેલીની મોટી કંપનીઓ, એવિએશન સેક્ટર અને ઓઈલ કંપનીઓમાં પોતાનું રોકાણ ધીમે-ધીમે ઓછું કરી રહ્યો છે.ગત દિવસોમાં ખબર આવી હતી કે, અબૂધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી જિયોના ફાઈબર બિઝનેસમાં ફરીથી રોકાણ કરવા માટે તૈયારી કરી રહી છે. આ બાદથી જ PIF જિયોના ફાઈબર બિઝનેસમાં રસ દેખાડ્યો હતો.જાણકારી માટે બતાવી દઈએ કે, ADIA અને PIF, બંને જ પહેલાં જિયો પ્લેટફોર્મ્સમાં મળીને ૨.૨ અરબ ડોલરનું રોકાણ કરી ચૂકી છે. જિયોમાં રોકાણ માટે મુકેશ અંબાણીએ ૧૩ રોકાણકારો પાસેથી અત્યાર સુધી કુલ ૨૦.૮ અરબ ડોલર એકત્ર કર્યા છે. હાલ ફાઈબર બિઝનેસમાં રોકાણને લઈને ન તો રિલાયન્સ કે ન તો PIF તરફથી કોઈ જવાબ સામે આવ્યો છે.સાઉદી અરામકો પણ રિલાયન્સના રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ્સ બિઝનેસમાં રોકાણ કરવા માગી રહી છે અને આ દિશામાં વાટાઘાટો પણ ચાલી રહી છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા: ૧૨૦૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૪૪૬૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૩૨૪**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૬૭૩૭૭**

## તંત્રી સ્થાનેથી...

# દગાખોર પડોશી દેશ ચીનના ઉત્પાદનોનો લોક બહિષ્કાર કેટલો સફળ થશે.....?

કોરોના વાયરસ ચીન દ્વારા ફેલાયો હોવાની અમેરિકા સહિતના દેશોએ શંકાઓ તેમજ દોષારોપણ કરેલ ત્યારે ચીન સતત તેનો ઈકાર કરતું રહ્યું છે. પરંતુ કોરોના બાબતે ત્યાના વૈજ્ઞાનિક પ્રોફેસરે જાહેરાત કરતાં તેની ધરપકડ કરી અને જેલમાં તેમનું મૃત્યુ થયું... ત્યારે તાજેતરમાં ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીમા અગત્યના સ્થાને રહેલા મહિલા પ્રોફેસરે જિનપિંગની ટીકા કરતા તેમને પક્ષમાંથી કાઢી મુકવામાં આવેલ. હાલ તો સાઈ ઝીન અમેરિકામાં રહે છે. તેણીએ પણ ચીને કોરોના વિશેની માહિતી છુપાવી હોવાનુ જણાવવા સાથે કહે છે કે જીન નિગમને કારણે ચીનનો વિકાસ અટકી ગયો છે.જીન પિંગ ચીનની લશ્કરી તાકાત બતાવવામા વધુ રસ ધરાવે છે. તેના પરિણામે આજે વિશ્વના મોટાભાગના દેશો ચીનના દુશ્મન બની ગયા છે. ચીનમાં એક જ પક્ષની સરકાર છે કોમ્યુનિસ્ટ પાર્ટીની. ત્યા વિરોધ કરનારા પર આક્ષેપો કરી ફાસીએ પણ લટકાવી દેવામાં આવે છે. ત્યાં પક્ષમાં તમે પોતાની વાત કરી શકતા નથી. પછી પાર્ટીમાં રહેવાનો અર્થ શું....? અત્યારે ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીમાં ઘણા લોકો પાર્ટી છોડવા માંગે છે.... પણ પછી તેમના ભવિષ્યનુ શું...? કોમ્યુનિસ્ટ પાર્ટીએ બંધારણમાં બદલાવ કરી જીન પિગને સર્વ સત્તા સોંપી દીધી તે તેની ભૂલ હતી તેમ તેમણે કહ્યું હતું...... ટૂંકમા જીન પિગ સરમુખત્યાર છે તેમ કહેવામાં આવે તો ખોટું નથી.....! પરંતુ કોરોના વાઈરસ ફેલાવ્યા હોવાના આક્ષેપો વજૂદ વાળા છે તેમ કહેવામાં આવે તો જરા પણ ખોટું નથી......!? ભારત સાથે મિત્રતાનો દેખાડો કરી ચીની સૈનિકો ભારતમા ઘુસી આવતા....ભારતે ચીન સાથે વાટાઘાટો શરૂ કરી પરંતુ બેઠકોના દોર વચ્ચે ચીને ભારત સરહદ પર લશ્કરી જમાવડો કરવા સાથે શસ્ત્ર સરંજામ ખડકી દીધો છે.... ત્યારે ભારતભરમાં આમ પ્રજાએ ભારે આક્રોશ ભભુકી ઉઠ્યો અને ચીનનો વિરોધ કરવા સાથે ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવા લાગ્યા છે તેને કારણે ચીનને મોટો ફટકો પડયો છે. તો લોકાક્રોશ જોઈને કેન્દ્ર સરકારે ચીનની પ્રથમવાર ૫૯ એપ પર પાબંદી મુકી દીધી અને તેના કારણે ચીન ભડકી ઉઠ્યુ. છતા ચીને ભારતની સરહદે ચીને તેની લશ્કરી કાર્યપદ્ધતિ ચાલુ રાખી. અને સામેથી ભારતને સહયોગ આપવાની સુફીયાણી સલાહ આપવા લાગ્યું ત્યારે લાગ્યું કે ×સો ચૂહે મારકે બિલ્લી ધર્મ યાત્રા પે ચલી×પરંતુ વિસ્તારવાદની નીતિને વરેલુ ચીન ×સુધરે એ બીજા આપણે નહીં× એ મુજબ આજુબાજુના અન્ય દેશોમાં ઘુસણખોરી કે વિકાસના નામે ભારત સામે શિંગડા ભેરવવાનુ યથાવત રાખ્યું છે......!

દેશભરમાં લોકોમાં ચીનના સરહદી હુમલામા આપણા ૨૦ જવાનો શહીદ થવાને કારણે લોકોમાં ભારે આક્રોશ ફરી વળ્યો તેના કારણે ચીનના ઉત્પાદનોનો બહિષ્કાર શરૂ કરી દીધો. સાથે તેના ઉત્પાદનો ખરીદવાનું બંધ કર્યું. પરંતુ કેન્દ્ર સરકારે ચીને ભારતમાં શરુ કરેલ બેંક પર પાબંધી ના કરી...જ્યારે કે ચીને ઈનડાયરેક્ટ યુએઈમાં રમાનાર આઈપીએલમાં પાર્ટનર બન્યું છે... અને ભારતીય ક્રિકેટ ટીમ તેમા ભાગ લેવાની છે. ચીને એચપીસીએલમા પણ રોકાણ કર્યું છે. અને તાજેતરમાં આઈસીઆઈસીઆઈ બેંકમાં પણ માતબર રોકાણ કર્યું છે. તો ગુજરાતના કચ્છમાં ચીની ભાગીદારીવાળી સ્ટીલની ફેક્ટરી ઉભા થવા જઈ રહી છે. ચીનના ઉત્પાદનો પણ ભારતમાં આવવાના શરૂ થઈ ગયા છે. ત્યારે સરકાર આવું કેમ થવા દે છે કે ચલાવી લે છે....? તેવી સવાલી ચર્ચાઓ શિક્ષિત વર્ગ સહિત આમ પ્રજામાં ચાલી રહી છે. હવે લોકો ચાઈના ફોન ખરીદવાથી દુર થવા લાગ્યા છે. તો ચીનના ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો પણ ખરીદવાનું બંધ કર્યું છે..... છતાં ૫૦૦ કરોડથી વધુની આયાત ચીનમાંથી થઈ છે ત્યારે હવે ચીનના ઉત્પાદનો આવતા રોકવા કેન્દ્ર સરકારે વિશ્વના અન્ય દેશોમાંથી ઉત્પાદનો આયાત કરે કે આયાત થઈ શકે તે પ્રમાણે નીતિ કરે તે જરૂરી છે. તેમજ જે તે ઉત્પાદન પર ઉત્પાદક દેશનું નામ જે તે ઉત્પાદન પર પ્રિન્ટ થાય અને લોકો વાંચી શકે તે રીતે આયોજન કરવુ જોઈએ તો ચીનને વધુ મોટો ફટકો પડે તે નિશ્ચિત.... પરંતુ આયાત થવા દેવી કે રોકવી તેનો આધાર સરકાર પર છે. બાકી આમ પ્રજા ચીનના તમામ ઉત્પાદનો ખરીદવાથી દૂર રહે તો પણ ચીનને મોટો આર્થિક ફટકો પડે... પડેને... પડે જ......! વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૨-૮-૨૦૨૦, શનિવાર, ભાદરવા સુદ-૪, ગણેશ ચતુર્થી
સૂર્યોદય-૬-૨૭, સૂર્યાસ્ત-૭-૧૨, જૈન નવકારશી-૭-૧૫,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્ર: હસ્ત

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૮-૦૩થી શુભ-૯-૩૯ સુધી, ૧૨-૪૯થી ચલ-લાભ-અમૃત-૧૭-૩૬ સુધી, ૧૯-૧૧ થી લાભ-૨૦-૩૬ સુધી, ૨૨-૦૦થી શુભ-અમૃત-૨૪-૫૦ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૧ થી ૮-૩૫ સુધી, ૧૦-૪૨ થી ૧૩-૫૩ સુધી, ૧૪-૫૭થી ૧૬-૦૦ સુધી, ૧૮-૦૮થી ૨૧-૦૪ સુધી |

### ભારતની વર્તમાન સરકાર ભરોસાપાત્ર રહી નથી


# આજનું ભારત, મહાત્મા ગાંધીનું ભારત નથી રહ્યું: ફારુક અબ્દુલ્લા

શ્રીનગર,તા.૨૧

જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટીકલ ૩૭૦ને નાબૂદ કરવાના કેન્દ્ર સરકારના ઐતિહાસિક નિર્ણય પછી અહીંના તમામ નેતાઓને દેખરેખ હેઠળ લેવામાં આવ્યા હતા. તાજેતરમાં નજરકેદમાંથી મુક્ત થયેલા જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફ્રેસના નેતા ફારુક અબ્દુલ્લાએ આ મુદ્દે આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યુ હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાને ખતમ કરવાના નિર્ણય અંગે કોઇ સંકેત આપ્યા ન હતા. ફારુક અબ્દુલ્લાનું કહેવુ હતું કે હવે કોઈપણ ભારતની વર્તમાન સરકાર પર ભરોસો કરી શકશે નહીં. એક દિવસ પણ જતો નથી જયારે તેઓ જૂઠ્ઠુ ન બોલતા હોય. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ઓગષ્ટમાં કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતા આર્ટીકલ ૩૭૦ને નાબૂદ કરી રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચી દીધુ હતું. ફારુક અબ્દુલ્લાનું કહેવુ હતું કે મોદી સરકાર તરફથી આ પ્રકારના નિર્ણયની આશા ન હતી.

# ચંદ્રયાન-૨ને એક વર્ષ પૂર્ણ: ઓર્બિટરે ચંદ્રની ચારેબાજુ ૪૪૦૦ પરિક્રમાઓ પૂર્ણ કરી

**ભારતનાં બીજા ચંદ્ર અભિયાન-૨ નું પ્રક્ષેપળ ૨૨ જુલાઇ ૨૦૧૯ ને કરવામાં આવ્યુ હતુ. ૧ વર્ષ પહેલાં એટલે કે, ૨૦ ઓગસ્ટે જ આમાં ચંદ્રમાની કક્ષામાં જ પ્રવેશ કરી લીધો હતો. ૭ સપ્ટેમ્બરે ચંદ્રમાં પર લેન્ડિંગ દરમિયાન લેન્ડર વિક્રમનો ઇસરો સાથે સંપર્ક ટુટી ગયો હતો**



બેંગ્લુરુ,તા.૨૧

ચંદ્રયાન ૨ એ ચંદ્રની કક્ષામાં પરિક્રમણ લગાવતા ૧ વર્ષ પુર્ણ કર્યું છે. આ અવસરે અંતરિક્ષ એજન્સી ઈસરોએ મિશન સાથે જોડાયેલા પ્રારંભિક ડેટા સાથે જણાવતા કહ્યું કે, ભલે વિક્રમ લેન્ડર સોફ્ટ લેન્ડિંગમાં અસફળ રહ્યું હોય પણ ઓર્બિનેટે ચંદ્રમાંની ચારે બાજુ ૪૪૦૦ પરિક્રમાઓ પુરી કરી લીધી છે. બધા જ આછ બોર્ડ ઉપકરણ સારુ પ્રદર્શન કરી રહ્યાં છે. ઓર્બિનેટમાં ઉચ્ચ ટેકનીકવાળા કેમેરા પણ લગાવેલા છે. જેથી કરીને તે ચાંદની બહારના વાતાવરણ અને તેની સતહ વિશે જાણકારી ભેગી કરી લેશે.

ઈસરોના મુજબ લાસ્ટ ૩વર્ષની તુલનામાં ટેરેન મેપિંગ કેમેરા ૨ ૨૨૦ કક્ષાઓ દરમિયાન ચંદ્રમં ક્ષેત્રમાં લગભગ ૪ મીલિયન વર્ગ કિમીના ફોટો ફોટો લેવામાં સક્ષમ છે.

TMC- 2 એ ઉચ્ચતમ રિજોલ્યુશન વાળો કેમેરો કહેવામાં આવે છે.જે વર્તમાનમાં ચંદ્રમાની ચારે બાજુ કક્ષામાં ગોઠવાયેલો છે. આ ફોટોથી અને કેમેરાના કારણે વિજ્ઞાનિકોને અધ્યયન કરવામાં સરળતા રહે છે.

ભારતનાં બીજા ચંદ્ર અભિયાન-૨ નું પ્રક્ષેપળ ૨૨ જુલાઇ ૨૦૧૯ ને કરવામાં આવ્યુ હતુ. ૧ વર્ષ પહેલાં એટલે કે, ૨૦ ઓગસ્ટે જ આમાં ચંદ્રમાની કક્ષામાં જ પ્રવેશ કરી લીધો હતો. ૭ સપ્ટેમ્બરે ચંદ્રમાં પર લેન્ડિંગ દરમિયાન લેન્ડર વિક્રમનો ઇસરો સાથે સંપર્ક ટુટી ગયો હતો. જો કે, પછીથી જ જાણ થઇ કે, વિક્રમે ચાંદ પર હાર્ડ લેન્ડિંગ કરી છે. આ મિશનની ભૌગોલિક સ્થિતિ, ખનિજ વિજ્ઞાન, સતહ રાસાયનિક સંરચના, થર્મો-ભૌતિક વિશેષતાઓ અને લુનર એક્સોસ્ફીયર પર વિસ્તુત જાણકારી પ્રાપ્ત કરવાના ઉદેશ્યો સાથે લોન્ચ કરવામાં આવ્યો હતો.

ભારતના પહેલામ મિશન ચંદ્રયાન-૦૧ ને લઈને ચંદ્રમાની સતહ પર મોટી માત્રામાં પાણી અને ઉપસતહ ધ્રુવીય પાણી-બર્ફના સંકેત શોધ્યા હતા. ઈસરો ચંદ્રયાન ૩ પર પણ કામ કરી રહ્યો છે. ૨૦૨૧ બાદ આ યાન લોન્ચ થવાની સંભાવના છે.

### ઉત્તપ્રદેશના સંભલ જિલ્લામાં અજીબ કિસ્સો...

# મારો પતિ મને ખૂબ પ્રેમ કરે છે: મહિલાએ પતિ પાસે માંગ્યા તલાક

સંભલ,તા.૨૧

ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લામાં એક વિચિત્ર કેસ સામે આવ્યો છે. અહીં એક પત્ની એ પોતાના પતિથી તલાક માંગ્યા છે. પત્નીનું કહેવું છે કે તેમના પતિ તેને ખૂબ જ પ્રેમ કરે છે. તેની સાથે કયારેય ઝઘડતા જ નથી. મહિલાએ લગ્નના લગભગ ૧૮ મહિના બાદ તલાકની અરજી શરિયા કોર્ટમાં કરી છે.

શરિયા કોર્ટના મૌલવીએ કહ્યું કે જયારે મહિલાને તલાક માંગવાનું કારણ પૂછયું તો તેઓ પણ ચકરાવે ચઢી ગયા. ત્યારબાદ મૌલવીએ તેની દલીલને તલાકનું કારણ ના ગણતા અરજી નકારી દીધી.

શરિયા કોર્ટમાંથી અરજી નકાર્યા બાદ મહિલાએ સ્થાનિક પંચાયતમાં મદદ માંગી. પંચાયતે પણ આ કેસમાં કોઈપણ નિર્ણય આપવાની ના પાડી દીધી અને તેને પોતાના અધિકાર ક્ષેત્રથી બહાર ગણાવ્યું.

મૌલવીએ કહ્યું કે જયારે મહિલાની અરજી બાદ તેને બોલાવામાં આવી તો તેણે દલીલમાં કહ્યું હતું કે તે પોતાના પતિના પ્રેમને પચાવી શકતી નથી. ના તો તેઓ કયારેય મારા પર ગુસ્સે થયા છે અને ના તો કયારેય કોઇ મુદ્દા પર મને નિરાશ કરીશ. આવા માહોલમાં મારો શ્વાસ રૂંધાય છે. કયારેક-કયારેક તેઓ મારા ખાવાનું પણ બનાવે છે અને ઘરનું કામ કરવામાં પણ મારી મદદ કરે છે. હું તેમને જે પણ કહું છું કે તરત માની જાય છે. મારો આવો માહોલમાં શ્વાસ રૂંધાય છે.મહિલાએ કહ્યું કે તેના લગ્નને ૧૮ મહિના થઇ ગયા. તેનો તેના પતિ સાથે કયારેય ઝઘડો થયો જ નથી. તેણે કહ્યું કે જયારે પણ હું કોઇ ભૂલ કરું છું તે હંમેશા મને માફ કરી દે છે. હું તેમની સાથે ઝઘડવા માંગું છું પરંતુ તેઓ હસતા-હસતા મારી વાત સાંભળે છે. પલટીને કયારેય જવાબ આપતા નથી. હું આવી જિંદગી જીવવા માંગતી નથી, જ્યાં પતિ દરેક વાત માટે સહમત હોય અને ઝઘડો ના કરે.

# તાનાશાહ કિમ જોંગે પોતાની બહેનને દેશના સૌથી શક્તિશાળી નેતા બનાવ્યા..!

પ્યોંગયોંગ,તા.૨૧

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉને પોતાની બહેન કિમ યો જોંગનું પ્રમોશન કરીને તેને દેશમાં બીજા સૌથી શક્તિશાળી નેતા બનાવી દીધા છે. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ કહ્યું કે ૩૨ વર્ષની કિમ યો જોંગને હવે અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથે જોડાયેલા મામલાને જોવા માટે ઉત્તર કોરિયાના પ્રભારી બનાવ્યા છે. આમ તેઓ હવે દેશમાં અઘોષિત રીતે બીજા નંબરના નેતા બની ગયા છે. આ બધાની વચ્ચે કિમ જોંગ ઉનની બીમારીને લઇ દુનિયાભરમાં અટકળો ઝડપથી ફેલાય રહી છે.ઉત્તર કોરિયાએ દાવો કર્યો છે કે કિમ જોંગ ઉન એ શાસનના 'તણાવ'ને ઓછો કરવા માટો પોતાની કેટલીય શક્તિઓ બહેનને આપી દીધી છે. જો કે કિમ જોંગ ઉન હજુ પણ ઉત્તર કોરિયા પર પૂરો અધિકાર ધરાવે છે. કિમ જોંગ ઉને પોતાની બહેનનું પ્રમોશન એવા સમયે કર્યું છે જયારે તેમના મોતની અફવાઓની વચ્ચે લગભગ ૨૧ દિવસ સુધી ગુમ રહ્યા બાદ સામે આવ્યા હતા.દક્ષિણ કોરિયાની ગુપ્તચર કમિટીના સભ્ય હા તાઇ ક્યૂંગ એ કહ્યું કે ગુરૂવારના રોજ આ સત્તાનું હસ્તાંતરણ થયું. તેમણે કહ્યું કે કિમ જોંગ ઉન હજુ પણ બધી શક્તિઓ ધરાવે છે પરંતુ તેઓ ધીમે-ધીમે તેને પોતાની બહેનને સોંપી રહ્યા છે. ચોસૂન ઈલ્બો અખબારના રિપોર્ટમાં કહ્યું છે કે કિમ જોંગ ઉન હજુ પણ સત્તા પર પોતાનો પૂરો અધિકાર ધરાવે છે. આ બધાની વચ્ચે દક્ષિણ કોરિયાએ કહ્યું છે કે તેના પરથી એ ના કહી શકાય કે કિમ જોંગ ઉને પોતાની બહેનને પોતાના ઉત્તરાધિકારી બનાવી દીધા છે.

### ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની હાલત સ્થિર: હજુ વેન્ટિલેટર પર

ન્યુ દિલ્હી,તા.૨૧

દેશના ભૂતપુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની સ્થિતિ હેમોડાયનેમિકલી સ્થિતિ સ્થિર છે અને વેન્ટીલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે. સેનાની રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલ, દિલ્હી કેન્ટે શુક્રવારે ભૂતપુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના સ્વાસ્થ્ય અંગે બુલેટીન જારી કર્યું હતું-જેમાં કહેવામાં આવ્યુ હતું પ્રણવ મુખર્જીની સ્થિતિ સ્થિર છે. તેમની સારવાર કરવામાં આવી રહી છે અને વેન્ટીલેટર સપોર્ટ પર છે. હોસ્પિટલે કહ્યું કે તેમના મહત્વના અને ક્લિનિકલ પેરામીટર સ્થિર છે એટલે કે હેમોડાયનેમિકલી સ્થિતિ સ્થિર છે.આ અગાઉ ગઈકાલે હોસ્પિટલે જણાવ્યું હતું કે તેમના શ્વાસની સ્થિતિમાં સામાન્ય સુધારો થયો છે પણ તેમને જીવન રક્ષક પ્રણાલી પર રાખવામાં આવ્યા છે.

# કોરોના સંકટ વચ્ચે આજે ગણેશ ચતુર્થી: લોકો પોતાના ઘરમાં જ ઊજવશે

ગાંધીનગર,તા.૨૧

તહેવારોની મોસમ ખીલી ઉઠી છે, એક તરફ શ્રાવણ માસની સમાપ્તિ થઇ છે ત્યાં હવે શનિવારે ગણેશ ચતુર્થીનું પર્વ ઉજવવામાં આવશે. ગણેશ સ્થાપન માટે શનિવારે સવારે ૭:૫૫થી વિવિધ મુહૂર્ત છે.જેમાં બપોરે ૧૨:૧૭થી બપોરે ૧:૦૮ દરમિયાન અભિજીત મુહૂરત છે. જોકે, મહામારી કોરોનાને પગલે આ વખતે જાહેર ગણેશોત્સવ પર પ્રતિબંધ છે અને ઘરમાં ગણેશજીની મૂર્તિ બેઠક સહિતની બે ફૂટની ઊંચાઇનું જ સ્થાપન કરી શકાશે.જ્યોતિષવિદોના મતે ૨૨ ઓગસ્ટ-શનિવારે ગણેશ ચતુર્થી છે ત્યારે સવારે ૭:૫૫થી ૯:૩૧ના શુભ, બપોરે ૧૨:૧૭થી બપોરે ૧:૦૮ના અભિજીત, બપોરે ૧૨:૪૨થી ૨:૧૮ ચલ, સાંજે ૩:૫૩થી ૫:૨૦ના અમૃત, સાંજે ૭:૦૫થી રાત્રે ૮:૨૯ના લાભ જ્યારે રાત્રે ૯:૫૩થી ૧૧:૧૮ સુધી શુભ મુહૂર્ત છે. જોકે, કોરોનાને પગલે આ વખતે જાહેર ગણેશોતોત્સવનું આયોજન કરવામાં નહીં આવે.શ્રદ્ધાળુઓને આ વખતે ઘરમાં જ ગણેશ સ્થાપન કરવું પડશે. અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામા અનુસાર આ વખતે ગણેશજીની મૂર્તિ બેઠક સહિતની બે ફૂટ કરતાં વધારે ઊંચાઇ બનાવવા-વેચવા-સ્થાપન કરવા તથા જાહેર માર્ગ પર કરવા પ્રતિબંધ છે.ગણેશજીની મૂર્તિની સ્થાપના માટે જાહેર મંડપ, પંડાલ કે અન્ય હંગામી સ્ટ્રક્ચર ઊભું કરવા તેમજ મૂર્તિ સ્થાપના કે ધાર્મિક વિધિ માટે લાઉડ સ્પીકર કે ડી.જે.નો ઉપયોગ કરવા, ગણેશજીની મૂર્તિની સ્થાપના કે વિસર્જન ઉપર જાહેરમાં કોઇ ધાર્મિક-સામાજીક કે સાંસ્કૃતિક કાર્યક્રમ-શોભાયાત્રા કે વિસર્જન યાત્રા કરવા પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.આ ઉપરાંત ગણેશજીની પી.ઓ.પી.-ફાયબરની મૂર્તિ વેચવા, ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મૂર્તિકારોએ વેચાણ ન થયેલી-બનાવટ દરમિયાન ખંડીત થયેલી મૂર્તિઓને બિનવારસી હાલતમાં મૂકવા, મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુક્ત રંગોના ઉપયોગ કરવા ઉપર પણ પ્રતિબંધ છે.

### ઉમેદવાર ઓનલાઈન ઉમેદવારી પત્રક ભરી શકશે

# કોરોના સંકટ: ચૂંટણીપંચે ચૂંટણી માટે નવી ગાઈડલાઈન જાહેર કરી

ન્યુ દિલ્હી,તા.૨૧

ચૂંટણી પંચે કોરોના સમયે ચૂંટણી કરાવવા અંગે ગાઇડલાઇન જાહેર કરી છે. નવી ગાઇડલાઇન અનુસાર માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ અને થર્મલ સ્કેનર જેવી ચીજો ચૂંટણી સમયે જરૂરી રહેશે. તે સિવાય ચૂંટણી પંચે ઓનલાઇન નોમિનેશન ફોર્મની સુવિધા પણ આપી છે. તેના દ્વારા ઉમેદવાર ઓનલાઇન નોમિનેશન ભરી શકશે. હવે ઉમેદવાર સહિત ફક્ત પાંચ લોકો ડોર ટૂ ડોર પ્રચારમાં ભાગ લઈ શકશે. ઉમેદવાર ડિપોઝિટની રકમ ઓનલાઇન જમા કરાવી શકશે. જાહેર રેલી કે રોડ શૉની મંજૂરી ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારના કોરોના અંગેની માર્ગદર્શિકા પ્રમાણે મળશે.

સામાન્ય ગાઇડલાઇન

★ ચૂંટણી સાથે જોડાયેલી કોઇ પણ પ્રક્રિયા વખતે માસ્ક પહેરવું જરૂરી રહેશે.

★ ચૂંટણી માટે ઉપયોગમાં લેવાતા રૂમ, હોલ અથવા કોઇ પણ એરિયાના ગેટ પર થર્મલ સ્કેનર, સેનિટાઇઝર, સાબુ અને પાણી રાખવું પડશે. દરેક વ્યક્તિનું સ્કેનિંગકરવામા આવશે.

★ સરકારી નિર્દેશો પ્રમાણે સોશિયાલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું જરૂરી. તેના માટે મોટા હોલની પસંદગી કરીને સ્પોટ બનાવવામા આવે.

★ ચૂંટણી અધિકારીઓ, સુરક્ષામાં લાગેલા લોકોના ટ્રાન્સપોર્ટેશન માટે કોરોના ગાઇડલાઇન અનુસાર જરૂરી સંખ્યામાં વાહનો રાખવા પડશે.

★ ઈફ્સ/વીવીપેટ

★ પહેલા અને બીજા ઈફ્સ સાથે સંકળાયેલું દરેક કામ મોટા હોલમાં થવું જોઈએ.

★ ચૂંટણી સંબંધી દરેક સ્થળે સેનિટાઇઝર અને સાબુ ઉપલબ્ધ કરાવવામાં આવે.

★ ઈફ્સ/વીવીપેટની કામગીરી કરી રહેલા દરેક અધિકારીને ગ્લવ્ઝ ઉપલબ્ધ કરાવવામા આવે.

★ નોમિનેશન પ્રક્રિયા

★ નોમિનેશન ફોર્મ ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામા આવશે. તેને ઉમેદવારો ઓનલાઇન જ ભરી શકશે. તેની પ્રિન્ટ ચૂંટણી અધિકારીને સોંપવી પડશે.

★ સોગંદનામુ પણ ઓનલાઇન દાખલ કરી શકાય છે. તેની પ્રિન્ટ પાસે રાખી શકાય છે. નોટરાઇઝેશન બાદ તેને નોમિનેશન સાથે ચૂંટણી અધિકારીને સોંપી શકાય છે.

★ ઉમેદવાર ડિપોઝીટની રકમ ઓનલાઇન જમા કરાવી શકશે. કેશ આપવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ રહેશે.

★ નોમિનેશન ફોર્મ સોંપતી વખતે ઉમેદવાર સાથે બેથી વધુ લોકો નહીં આવી શકે. તેમને બેથી વધુ ગાડીઓ લઇ જવાની મંજૂરી નહીં મળે.

★ નોમિનેશન ફોર્મ લેવાની , તેની સ્ક્રુટિની તેમજ ચૂંટણી ચિહ્ન આપવાની પ્રક્રિયા જ્યાં પૂર્ણ થાય ત્યાં પૂરતી જગ્યા રહે.

★ ઉમેદવારોને અલગ અલગ સમયે બોલાવવામા આવે. ઉમેદવારો માટે વેઇટિંગ એરિયા પણ મોટો હોવો જોઇએ.

★ પોલિંગ બૂથ

★ એક પોલિંગ બૂથ પર ૧૫૦૦ની જગ્યાએ ૧૦૦૦ મતદારોને જ બોલાવવામા આવે.

★ વોટિંગના એક દિવસ પહેલા પોલિંગ સ્ટેશન સેનિટાઇઝ કરવામા આવે.

★ દરેક બૂથના એન્ટ્રી પોઇન્ટ પર થર્મલ સ્કેનર લગાવવામા આવે. દરેક મતદારની એન્ટ્રી પર થર્મલ ચેકિંગ થાય.

★ જો કોઇ મતદારનું પહેલું રીડિંગ નિર્ધારિત તાપમાનન કરતા ઉંચું આવે તો તેનું ટેમ્પરેચર ફરી માપવામા આવે. બીજી વખત પણ જો ટેમ્પરેચર વધારે આવે તો તેને ટોકન/સર્ટિફિકેટ આપીને વોટિંગના છેલ્લા કલાકમાં બૂથ પર આવવાનું કહેવામા આવે. વોટિંગના છેલ્લા કલાકમાં આ પ્રકારના મતદારોને વોટિંગ કરવાની સગવડ આપવામા આવે.

# ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે રાજકોટ ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યુ

રાજકોટ,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે રાજકોટ ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું. આ પ્રેસવાર્તામાં પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફિયા, સાંસદશ્રીઓ શ્રી મોહનભાઇ કુંડારિયા, શ્રી અભયભાઈ ભારદ્વાજ, પૂર્વ મંત્રી શ્રી વલ્લભભાઈ કથીરિયા,પૂર્વ મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ, મેયર શ્રીમતી બીનાબેન આચાર્ય, મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, પ્રદેશ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપા પ્રમુખ કમલેશ મીરાણી ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, પ્રદેશના અધ્યક્ષ તરીકે રાજ્યભરના ભાજપા કાર્યકર્તાઓના મનની લાગણી,અપેક્ષા અને આકાંક્ષાઓને વાચા આપવી તે મારું કર્તવ્ય છે જેના અનુસંધાને છેલ્લા ત્રણ દિવસથી સૌરાષ્ટ્રના સંગઠનાત્મક પ્રવાસ દરમ્યાન વિવિધ વિસ્તારના કાર્યકર્તાઓ સાથે મોકળા મને સંવાદ કર્યો છે અને વિવિધ સંગઠલક્ષી બાબતો અંગે ચર્ચા વિચારણા પણ કરી છે. મારા આ સૌરાષ્ટ્ર પ્રવાસ દરમિયાન ગીર-સોમનાથ, જુનાગઢ અને રાજકોટ જિલ્લા વિસ્તારના કાર્યકર્તાઓ તેમજ રૂટમાં આવતા ગામ-શહેરોના નગરજનો દ્વારા પણ ઠેર-ઠેર મારું હર્ષોલ્લાસ સાથે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું તે બદલ હું સૌનો આભાર વ્યક્ત કરું છું. આ પ્રવાસ દરમિયાન ભગવાન સોમનાથ મહાદેવ, ખોડલધામ અને ગાંઠીલા ઉમિયાધામ સહિતના સુપ્રસિદ્ધ ધાર્મિક સ્થાનોએ દર્શન-પૂજા કરી આશીર્વાદ મેળવવાનો પણ અવસર મળ્યો તે બાબતની હું ધન્યતા અનુભવું છું.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સંગઠિત કાર્યકર્તાઓ જ કોઈપણ રાજકીય પક્ષની સૌથી મોટી શક્તિ છે. ગુજરાતમાં ભાજપા પાસે ૧.૧૩ કરોડ કાર્યકર્તાઓની વિશાળ ફોજ છે. સમર્પિત કાર્યકર્તાઓના પ્રામાણિક પ્રયાસો દ્વારા કોઈપણ ચૂંટણીમાં ભવ્ય સફળતા પ્રાપ્ત કરી શકાય છે. આગામી વિધાનસભા પેટાચૂંટણી, જિલ્લા-તાલુકા પંચાયત, મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અને ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં સંગઠનની અસરકારક પરિણામલક્ષી વ્યવસ્થાથી ભાજપાનો ભવ્ય વિજય થશે તેવો સંપૂર્ણ આત્મવિશ્વાસ છે.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભાજપાની સર્વસમાવેશક વિકાસવાદી રાજનીતિને આજે સમગ્ર દેશે સ્વીકારી છે.

વિકાસની રાજનીતિએ ભાજપનો મંત્ર છે.ગુજરાતના વિકાસના મોડલ પર ૨૦૧૪માં દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપા ચૂંટણી લડ્યું અને સ્પષ્ટ બહુમતી સાથે વિજય પ્રાપ્ત થયો, અને એમણે કરેલા વિકાસના કામોના આધારે ૨૦૧૯માં ગત લોકસભા ચૂંટણી કરતા વધુ બહુમતથી ફરી એક વખત ભાજપા સરકાર બની.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રે વિકાસના પથ પર અગ્રેસર બની રહ્યો છે. ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીના સંગઠનાત્મક માર્ગદર્શનમાં ભાજપાનો પ્રત્યેક કાર્યકર તમામ મોરચે સક્ષમ બની રહ્યો છે, ગુજરાતમાં ૧૯૯૫થી સતત રાજ્યની જનતા એ ભાજપાને આશીર્વાદ આપ્યા છે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અમે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યની સંવેદનશીલ સરકારે જનહિતની અનેકવિધ યોજનાઓ કાર્યરત કરી છે.

# ડીસા કેવીકે ખાતે સાંસદશ્રી પરબતભાઇ પટેલના હસ્તે જુવાર સંશોધન કેન્દ્રની ઓફિસ અને લેબોરેટરીનું ઉદ્દઘાટન કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી સંચાલિત ડીસા કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે બનાસકાંઠા જિલ્લા સંસદ સભ્યશ્રી પરબતભાઇ પટેલ, ધારાસભ્યશ્રી શશીકાંતભાઇ પંડ્યા, ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેનશ્રી મગનભાઇ માળી તથા દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. આર.કે.પટેલના હસ્તે જુવાર સંશોધન કેન્દ્રની નવી બનાવયેલ ઓફિસ અને લેબોરેટરીના બિલ્ડીંગનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત વૈજ્ઞાનિકો સાથે વાર્તાલાપ કરતાં બનાસકાંઠાના સંસદ સભ્યશ્રી પરબતભાઇ પટેલે જણાવ્યું કે, રૂ. ૨.૪૫ કરોડના ખર્ચથી નવનિર્મિત આ જુવાર સંશોધન કેન્દ્રમાં જુવારના બિયારણ તથા ઘાસચારા અંગે જે સંશોધન થશે તે સમગ્ર ઉત્તર ગુજરાતના ખેડૂતો અને પશુપાલકોને બહુ ઉપયોગી નિવડશે. ખેડુતો ઓછી જમીનમાં વધુ ઉત્પાદન કેવી રીતે મેળવી શકે તે અંગેનું સંશોધન આ કેન્દ્રમાં થશે. તેમણે કહ્યું કે, આ કેન્દ્ર માટે ભારત સરકારની રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત ગુજરાત સરકારની દેખરેખ હેઠળ મળતી ગ્રાન્ટમાંથી ઓફિસ અને લેબોરેટરી બિર્ડીગનું બાંધકામ કરવામાં આવ્યું છે. એક વર્ષના ટુંકાગાળાના સમયમાં આ કેન્દ્રનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સાંસદશ્રીએ કહ્યું કે, આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વવાળી રાજયની સરકારને ખેડુતો વતી અભિનંદન પાઠવું છું કે, ખેડુતો માટે કૃષિ કલ્યાણ નીતિ જાહેર કરી છે. જેમાં અતિવૃષ્ટિર, અનાવૃષ્ટિય કે માવઠાના સમયે ખેડુતોને મદદ કરવાની યોજના અમલી બનાવી છે.

આ પ્રસંગે દાંતીવાડા કૃષિ યુનિવર્સીટીના કુલપતિશ્રી ડૉ. આર.કે.પટેલે જણાવ્યું કે, એક વર્ષ જેટલાં ટુંકા ગાળામાં રૂ. ૨.૪૫ કરોડના ખર્ચે આ ઓફિસ અને લેબોરેટરી બિલ્ડીગનુ બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તથા જુવાર સંશોધન કેન્દ્રના ફાર્મની મુલાકાત લીધી હતી.

ડીસા જુવાર સંશોધન કેન્દ્રના વડા ડૉ. આર.એ.ગામીએ જુવાર કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન યોજનાઓ તથા આ યોજનાઓના મહત્વ અંગે મહેમાનોને માહિતગાર કર્યા હતા. આ કેન્દ્ર ખાતે જુવારની વિવિધ જાતો પૈકી દાણા તથા ઘાસચારાની જાતો અંગે સંશોધન કરવામાં આવે છે. જેથી ખેડૂતો અને પશુપાલકોને ગુણવત્તાયુક્ત દાણા અને ઘાસચારો મળી રહે છે. આ પ્રસંગે સંશોધન નિયામકશ્રી ડૉ. આર.એન.સીંગ અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. વી.ટી.પટેલ, યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, આચાર્યશ્રીઓ અને સંશોધન કેન્દ્રોના વડાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# માણાવદર ની સહકારી સંસ્થા પાસે ૫૭ હજારની જમીનની સ્ટેમ્પડયુટી ૩૩ હજાર મંગાતા સર્જાયો વિવાદ

માણાવદર,

લોકોની સેવાને નામે સતા પર આવેલ ભાજપ સરકારે સેવાને બદલે જાણે કે યેનકેન પ્રકારે લોકોના ગજવા ખંખેરવા તરફ જ ધ્યાન આપ્યું હોય તેવો માહોલ દેશમાં છ વર્ષથી ઊભો કર્યો છે. એ માસ્ક ને નામે લૂંટ હોય કે કર સ્ટેમ્પડયુટી નામે લૂંટ હોય ! લોકો લૂંટાઇ રહયા છે ને સરકાર તિજોરી ભરી રહી છે.

આ વાત નો ઉલ્લેખ એટલા માટે કરાયો છે કે તાજેતરમાં જ માણાવદર તાલુકાની સહકારી સંસ્થાઓની પાંચ પાંચ ની માંગણીના અંતે કેન્દ્ર સરકાર ની યોજના મુજબ દશ ટકા કિંમતે જોઇતી જમીન મંજૂર તો કરી છે પણ જમીન કરતા સ્ટેમ્પડયુટી નો ધોકો માર્યો છે.



સહકારી અગ્રણી અને ખેડૂત આગેવાન દેવજીભાઇ ઝાટકિયા એ મુખ્યમંત્રી ને પત્ર લખી જણાવ્યું છે કે માણાવદર ની સહકારી મંડળીએ સંસ્થાનની લાગું પડતર જમીન ૨૬૪ ચોરસ મીટર ની માગણી ગોડાઉન બનાવવા માટે કરી હતી ૨૦૧૫ ની યોજનાને અમલી બનાવવા સતત રજુઆતો પછી સરકારે જમીન ની મંજૂરી તો આપી છે પણ લૂગડા કરતા સીવડામણ મોંધુ એ ન્યાયે ૫૭ હજારની જમીન ની સ્ટેમ્પડયુટી પેઠે રૂ. ૩૩ હજાર ૪૮૯ ની માગણી કરી છે દેશની પ્રજાની માથે હથોડા પડી રહયા છે.

ચીની કંપનીઓને ભારતમાં લાવવા મોટા પ્રલોભન અને તે જયાં માંગે અને જેટલી માગે તેટલી જમીન માત્ર ત્રણ દિવસ માં આપવાની તૈયારી બતાવી છે પણ દેશનો નાગરિક પાંચ પાંચ વર્ષ થી ઝઝૂમી થાકી જાય ત્યારે યોજનાની જમીન મળે છે.

દેવજીભાઇ ઝાટકિયા એ વધુ મા જણાવ્યું છે કે આ પ્રશ્ને સ્ટેમ્પડયુટી માગનાર સરકારી અધિકારી સામે કાયદાકીય લડત આપવાની તૈયારી કરી લીધી છે આવી લગભગ પચીસ સંસ્થાઓ છે જે ગુસ્સે ભરાયેલ છે

તસ્વીર - અહેવાલ

જીજ્ઞેશ પટેલ માણાવદર

# અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી આર.જે વલવીનું બોર્ડ ગુજકેટની પરીક્ષાને લઇને જાહેરનામું

**પરીક્ષા સ્થળની ૧૦૦ મીટરત્રિજિયા વિસ્તારમાં બિનઅધિકૃત વ્યક્તિ પ્રવેશી શકશે નહી કે ઝેરોક્ષ, મશીન ચાલુ રાખી શકશે નહિ**

મોડાસા : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર ગુજકેટની જાહેર પરીક્ષા તા. ૨૪-૦૮-૨૦૨૦ ના રોજ મોડાસા શહેરના કુલ ૧૩ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજશે. આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી આર.જે. વલવીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધિત હુકમો જાહેર કર્યા છે. તદનુસાર આગામી તા. ૨૪ ઓગષ્ટના રોજ સવારના ૦૯:૩૦ કલાક થી બપોરના ૪:૩૦ કલાક દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ધ્વારા આયોજિત ગુજકેટ-૨૦૨૦ ની પરીક્ષા અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વિવિધ કેન્દ્રો ખાતે મોડાસાની શ્રી. સી. જી. બુટાલા સર્વોદય હાઇસ્કુલ, બ્રાઇટ જુનિયર સાયન્સ કોલેજ, ડીપ એરીયા, શ્રી જે.બી શાહ ઇગ્લીશ મીડિયમ હાઇસ્કુલ, ચાણકય વિશ્વ વિધાલય, સાયરા રોડ બાજકોટ પ્રાર્થના વિધાલય યુનિટ-૧,૨ માધાપુર કંપા,, જીનિયસ એજયુકેશન ઇસ્યુટીટ મુ. ખલીકપુર, શ્રીમતિ એમ..કે કડકીયા ડુગરવાડા, બી. કનાઇ હાઇસ્કુલ સબલપુર, શ્રી એસ.કે શાહ એન્ડ શ્રી કૃષ્ણા એ.એમ. આર્ટસ કોલેજ, મખદુમ હાયર સેકન્ડરી હાઇસ્કુલ શ્રી કે અને. શાહ હાઇસ્કૂલ શ્રી એચ.એલ.પટેલ સરસ્વતી હાઇસ્કુલ મોડાસા. શ્રી જે.બી શાહ ઇગ્લીશ મીડિયમ હાઇસ્કુલ મોડાસા ખાતે યોજાનાર હોઇ પરીક્ષા કેન્દ્રની અંદર મોબાઇલ/સેલ્યુલર ફોન/ પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ ટેબલેટ જેવા ઇલેકટ્રોનિક ઉપરકરણો સાથે લઇ જઇ શકશે નહી, ઝેરોક્ષ મશીનો, કોપીયર મશીનનો ઉપયોગ સદંતર બંધ રાખવા. પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ ૧૦૦ મીટરની ત્રિજિયામાં આવેલ ઝેરોક્ષ, કોપીયર મશીનના સંચાલકોએ પણ આ હુકમનો અમલ કરવાનો રહેશે. આ હુકમનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે

# દાંતીવાડા ડેમ ઉપર બીજીવાર મગર દેખાતા દેહશતનો માહોલ તંત્ર દ્વારા પકડી ને પાણી માં છોડાયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

દાંતીવાડા ડેમમાં બીજી વખત મગર દેખાયો દાંતીવાડા ડેમ ઉપર પાંચ ફૂટ જેટલો મોટો મગર દાંતીવાડાના ડેમના ઉપરના ભાગમાં ઘસી આવતા ડેમના સત્તાધીશો દ્વારા પકડી ને દાંતીવાડા ડેમમાં છોડી મૂકવામાં આવ્યો હતો થોડા સમય અગાઉ પણ દાંતીવાડા ડેમમાં મગર દેખાતા અફડાતફડી મચી જવા પામી હતી કલાકો બાદ રેસ્કયુ કરી મગર દોરડાથી બાંધી સુરક્ષિત રીતે ડેમમાં મૂકી દેવામાં આવ્યો હતો દાંતીવાડા ડેમમાં ઓછું પાણી હોવાને લીધે અવાર-નવાર મગરો ડેમના બહાર ધસી આવતા હોય છે જેને લઇને ફરજ ઉપરના ચોકીદારે તેમજ ડેમના સત્તાધીશો દ્વારા મગરને દોરડાથી બાંધી ડેમના પાણી વાળા વિસ્તારમાં સલામત રીતે મૂક્યો હતો.

# અરવલ્લીમાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતો અને લોકોમાં હર્ષોલ્લાસ : ભિલોડાના ગંભીરપુરા ગામમાં ૧૨ વર્ષીય બાળક તળાવમાં ડૂબ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

બંગાળની ખાડીમાં લો પ્રેશર સીસ્ટમ સક્રિય થતા સમગ્ર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે ત્યારે અરવલ્લી જિલ્લામાં ગઈકાલે બપોર બાદ મેઘમહેર થવા પામી હતી. સાર્વત્રિક મેઘમહેર થી ખેડૂતોએ ચોમાસુ ખેતી બચી જતા હાશકારો અનુભવ્યો હતો સતત ઝરમર અને ઝાપટા રૂપી વરસાદથી વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી ભિલોડા પંથકમાં કડાકા ભડાકા સાથે બીજા દિવસે પણ વરસાદ ખાબકતા વિવિધ વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.ભિલોડા-



ઇડર રોડ પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર અટવાયો હતો ભિલોડાના ગંભીરપુરા ગામમાં ૧૨ વર્ષીય બાળક કાકોદરા તળાવમાં નાહવા જતાં ડૂબી જતા ભારે પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો.

ભિલોડાના ગંભીરપુરા ગામે રહેતા હસનભાઈ ખેમાભાઈ હોથાનો ૧૨ વર્ષીય રોનક નામનો પુત્ર ગામમાં આવેલ કાકોદરા તળાવની આજુબાજુમાં પશુઓ લઈ ચરાવવા ગયો હતો ભિલોડા પંથકમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગના પગલે નદી,નાળા અને તળાવમાં નવાનીર આવ્યા હોવાથી કાકોદરા તળાવ પણ પાણીથી ભરાતા પશુઓ ચરાવવા ગયેલો રોનક કાકોદરા તળાવમાં નાહવા જતા પાણીમાં ડૂબી જતા મોત નિપજતા ભારે ચકચાર મચી હતી મૃતક પુત્રની લાશ જોઈ પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી ૧૨ વર્ષીય બાળક તળાવમાં ડૂબી જવાની ઘટનાના પગલે ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# મુખ્યમંત્રીએ અમદાવાદના ૧૦૧૬ કરોડના ૬૧ કામોનું ઇ-લોકાર્પણ કર્યું

અમદાવાદ,તા.૨૧

રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ અમદાવાદ મહાનગરને એટ વન ક્લિકથી રૂપિયા ૧,૦૧૬ કરોડના વિવિધ વિકાસ કામોની ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી લોકાર્પણ કર્યું હતું. જે બાબતે સીએમ રૂપાણીએ જણાવ્યું કે, આ સરકાર જનતાની આશા-અપેક્ષાઓ સંતોષનારી અને ફટાફટ નિર્ણયો લઇ વિકાસ કામો આપનારી જનહિતલક્ષી સરકાર છે.

લોકાર્પણ બાદ સીએમ રૂપાણીએ જણાવ્યું હતું કે, લોકોને વિકાસ કામ માગવા આવવું પડતું નથી. પરંતુ, માગ્યા વિના સામે ચાલીને વિકાસ કામ આપનારી આ રાજ્ય સરકાર છે.

વિકાસના કામોમાં વધુને વધુ લોકો જોડાઇ, શહેરી જનસુખાકારીમાં સતત વધારો થાય અને ઇઝ ઓફ લિવીંગમાં વૃદ્ધિ સાથે લોકો પ્રગતિ સમૃદ્ધિ મેળવે તેવો ધ્યેય આપણે રાખ્યો છે.

સીએમ રૂપાણીએ રૂપિયા ૨૫૬ કરોડના વિવિધ ૧૫ કામ માટે ઇ-લોકાર્પણ અને રૂપિયા ૭૬૦ કરોડના ૪૬ પ્રજાલક્ષી કામના ઇ-ખાતમૂર્હત ગાંધનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સંપન્ન કર્યા હતા.

અમદાવાદ મહાનગરના પાંચ બ્રીજના નામકરણની ઇ-તકતી અનાવરણથી કર્યા હતા. સીએમ રૂપાણીના હસ્તે ઇ લોકાર્પણસીએમ રૂપાણીના હસ્તે ઇ લોકાર્પણપ્રધાનમંત્રી આવાસ યોજના ઝૂંપડા પુનઃવસન, પુનઃવિકાસ પોલિસી અંતર્ગત સાબરમતી, પાલડી અને દાણીલીમડા વોર્ડમાં તૈયાર થયેલા ૧,૧૮૪ આવાસોનો કોમ્પ્યુટરાઇઝડ ડ્રો પણ કર્યો હતો. આ આવાસ યોજનામાં ડ્રો મારફતે આવાસ મેળવનારા લાભાર્થીઓ સાથે ટેલિફોનિક સંવાદ કરીને તેમને આવાસ સંકુલમાં સ્વચ્છતા જાળવવાના આગ્રહ સાથે સુખમય જીવનની શુભેચ્છાઓ આપી હતી.

# સિધ્ધપુર માં મહિલાઓ દ્વારા કેવડા ત્રીજના વ્રતની ઉજવણી કરવામાં આવી

સિધ્ધપુર,

સિધ્ધપુર શહેરમાં ભાદરવા સુદ ત્રીજના દિવસે કેવડા ત્રીજનું વ્રત બહેનો અને કુંવારી છોકરીઓ દ્વારા આ વ્રત કરવામાં આવે છે. જેને હરિતાલીકા વ્રત તરીકે ઓળખાય છે.

સરસ્વતી નદી કિનારે તથા પવિત્ર બિંદુ સરોવર ના કિનારે માટી માંથી શિવલિંગ બનાવી કેવડા ના પુષ્પ દ્વારા ભગવાન ભોળાનાથ નું પૂજન અર્ચન કરવામાં આવે છે. આ વ્રતનું શિવપુરાણમાં વર્ણન બતાવવામાં આવ્યું છે.

માતા પાર્વતીએ શિવજીની કેવડાના પુષ્પો થી આરાધન કરી હતી. કેવડાનું પુષ્પ ભગવાન શંકર ને ચડાવવું નિષેધ છે , પણ કેવડા



ત્રીજના પવિત્ર દિવસે સૌભાગ્યવતી સ્ત્રીઓ આ વ્રત કરે તો સર્વ મનોકામનાઓ પુરી થાય છે.

માતા પાર્વતીએ શિવજીને પ્રાપ્ત કરવા માટે ભાવ વિભોર બની શ્રધ્ધા અને ભક્તિથી કેવડાના પુષ્પ દ્વારા પૂજા કરી હતી. આ વ્રતમાં શિવ - પરિવાર નું પૂજન કરવામાં આવે છે.

આ વર્ષે કોરોના મહામારી ને કારણે બહેનો દ્વારા આ વ્રત ને સોશિયલ ડિસ્ટન્સ સાથે અને સાવચેતી પૂર્વક વિવિધ શિવાલયોમાં જઈ પૂજા અર્ચના કરી હતી.

# માણાવદર આઇ.ટી.આઇ ખાતે તાલુકા કક્ષાના ૭૧ માં વન મહોત્સવનીઉજવણી કરાઇ

માણાવદર,

માણાવદર આઇ.ટી.આઇ ખાતે ૭૧ મા વન મહોત્સવ ની ઉજવણી વન વિભાગ દ્વારા કરવામાં આવી હતી વધતી માનવ વસાહત ના પરિણામે વૃક્ષોનો સત્ય નાશ થઇ રહયો છે તેના કારણે ધરતી ની આબોહવામાં પણ જબરા પરિવર્તન સર્જાય રહયા છે ગ્રામ્ય વિસ્તારોમાં પણ લીલોતરી ધીમે ધીમે નેસ્તનાબુદ થઇ રહી છે ધરતી ઉપરથી થતું વૃક્ષોનુ થતું નિકંદન ખતરારૂપ સમસ્યા પેદા કરે છે તો નવાઇ નહી.

આજે ૭૧ માં વન મહોત્સવ નિમિત્તે આપણે સૌએ સાથે મળીને પર્યાવરણ બચાવવા ની જરૂર છે ત્યારે આજે માણાવદર ના જૂનાગઢ હાઇવે રોડ ઉપર આવેલ



આઇ.ટી.આઇ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ અને મહાનુભાવો ના હાથે જુદા જુદા પ્રકારના વૃક્ષો વાવવામાં આવ્યા હતા તેમજ વન વિભાગ દ્વારા આરોગ્ય રથ ફેરવી આરોગ્ય વર્ધક વૃક્ષો જેવા કે તુલસી, અરડુસી, ના છોડુનુ વિતરણ કરવામાંઆવ્યું હતુ . આ કાર્યક્રમ માં માણાવદર મામલતદાર એન. એચ.રામ., ટી.ડી.ઓ. મોરી, આર. એફ. ઓ. દાફડા , આઇ.ટી.આઇ. ના પ્રિન્સિપાલ અપારનાથી તાલુકા પંચાયત પ્રમુખ વરંજાગભાઇ ઝાલા, ન.પા. પ્રમુખ જગમાલભાઇ હુંબલ તેમજ ફોરેસ્ટ વિભાગ નો સ્ટાફ ઉપસ્થિત રહયો હતો.

તસ્વીર - અહેવાલ

- જીજ્ઞેશ પટેલ માણાવદર

# પરિવાર વાલો આજે વરિષ્ઠ નાગરિક દિવસ Senior Citizens Day Fri Aug 21st, 2020????

"મન"ને થયેલા થોડાક અનુભવ....!!

કુટુંબમાં વરિષ્ઠ નાગરિક એટલે જિવતું તાળુ અહી હું બીજા અર્થમાં કહીશ કે આ તાળાને ઉપયોગી બનવા માટેની કેટલીક ચાવીઓ પણ સાથેજ હોવી જોઇએ પ

જેમકે કયારેય કોઇને નડો નહીં. તે માટે વડિલપણાનો ડગલો ખીટીએ ટીગાડી દેવો કારણકે આજની પેઢીનેતે જરાય પસંદ નથી.

કોઇપણ પ્રકારનો ગમો-અણગમો રાખ્યા વગર ચાલશે, ભાવશે, ફાવશે, ગમશેનું સનાતન સત્ય અપનાવવું જોઇએ.

શરીરને સ્વસ્થ રાખવા નિયમિત ચાલવું, કસરત, યોગ કરવો. શરીર સાથ આપે તેટલું શારીરિક કામ કરીને કુટુંબ કે સમાજને મદદરૂપ થવું. સેવકીય પ્રવૃત્તિમાં જોડાવું, જેથી માનસિક શાંતિ મળે.

ઘરનાં બાળકો સાથે નિર્દોષ આનંદ માણવો, કુદરત સાથે મિત્રતા કરવી. અને ગમતાં શોખ કવિતા રચના પ્રવૃત્તિ કરી

"મન" પ્રફુલ્લિત રાખવું

ઇન્ટરનેટથી વાકેફ રહેવું જોઇએ. મનને કેળવવા માટે વાંચન, ચિંતન, મનન કરવું અને રમત-ગમતનાં કોયડા ઉકેલવા. જીવનને વાસણમાંના પ્રવાહીની જેમ જીવવું જોઇએ. જેવું વાસણ, તેવી પ્રવાહીની સ્થિતિ હોય, તો કયારેય જીવન ભારરૂપ નહી લાગે અને એજ જીવન પ્રત્યેનો વાસ્તવિક અભિગમ કહેવાય.

વૃધ્ધાવસ્થામાં હસતાં-હળવાફૂલ રહેવું એ મોટી ચેલેન્જ છે. પરંતુ જયારે જયારે નકારાત્મકતાથી જીન્દગીનું વહેણ ઠીગરાઇ જાય, જીવન જીવવાનું બળ ઉત્પન્ન થતું અટકી જાય ત્યારે ત્યારે થોડું નિખાલસતા સાથે સમારકામ કરતાં શીખી લેવું જોઇએ.

પછી ભલે ઘડપણ આવે
પંચોતેર કે સો વર્ષની ઉમર
થશે શરીરનાં અંગ કદાચ સાથ
નહી આપે છતાં જો''મન''
સ્વસ્થ હશે તો પરિવારથી
અપ્રિય નહી થાઓ
પરિવાર પણ ખુશ રહેશે


''મન'' કેનેડા

૨૧-૦૮-૨૦૨૦

# સહેલાણીઓમાં પ્રચલીત ભિલોડાના સુનસર ધોધની મુલાકાત લેતા પહેલા વિચારજો:ગ્રામ પંચાયતે સહેલાણીઓએ એકઠા પર પ્રતિબંધ લાધ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લીની ગીરીમાળાઓમાં ભારત માતાના મંદિર પાસે આવેલો પ્રચલિત સુનસર ધોધ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા અને ભિલોડામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગના પગલે સુનસર ધોધ જીવંત થતા ધોધમાથી ખડખડ વહેતા પાણીનો નયનરમ્ય નજારો અને સોળે કળાએ ખીલી ઉઠેલી વનરાજીનો લૂપ્ત ઉઠાવવા મોટી સંખ્યામાં સહેલાણીઓ જોવા માટે ઉમટી રહ્યા છે ત્યારે કોરોના



મહામારીના પગલે સુનસર ધોધને પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે ગ્રામ પંચાયતે જાહેરનામું બહાર પાડી સહેલાણીઓને એકઠા થવા પર પ્રતિબંધ લાદી દીધો છે. અરવલ્લી જિલ્લાના ભિલોડા ના સુનસર ગામે ચોમાસાની ઋતુમાં નયનરમ્ય પ્રાકૃતિક સુનસર ધોધ નો નજારો જોવા માટે જિલ્લાભરમાંથી સહેલાણીઓ ઉમટતા હોય છે.હાલ કોરોનાની મહામારીને લઈ સુનસર ગ્રામ પંચાયત દ્વારા ધોધની જગ્યાએ સહેલાણીઓને એકઠા ન થવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જે પ્રવાસી નિયમનો ભંગ કરશે તો રૂ.૧૦૦૦/- નો દંડ કરાશે.જયારે મોઢે માસ્ક અને રૂમાલ નહી બાંધનાર વ્યક્તિ સામે રૂ.૫૦૦ નો દંડ વસૂલવામાં આવશે. અરવલ્લીની ગિરીમાળાઓ વચ્ચે સુનસર ગામે પાણીનો ધોધ વહે છે.ચોમાસાની ઋતુમાં સુનસર ધોધનો નજારો જોવા ઠેક ઠેકાણે થી લોકો આવે છે.અને ધોધ નીચે ઉભા રહી સેલ્ફી ફોટો પડાવે છે.આ નયનરમ્ય પ્રાકૃતિક ધોધનો નજારો એટલો સુંદર હોય છે કે ત્યાં લોકો ઉમટે છે.હાલ જિલ્લામાં કોરોનાની મહામારીના કારણે સુનસર ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી દ્વારા સુનસર ધોધની જગ્યાએ સહેલાણીઓને એકઠા ન થવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે પ્રવાસીઓ નિયમ ભંગ કરશે તો રૂ.૧૦૦૦/ નો દંડ વસૂલવામાં આવશે.મોઢે માસ્ક અને રૂમાલ નહી બાંધનાર વ્યક્તિ સામે રૂ.૫૦૦/- વસુલવામાં આવશે.આમ સુનસર ગ્રામ પંચાયત દ્વારા જાહેર સુચના દ્વારા લોકોને જાણ કરવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.